મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં શિયાળુ ફળ બોર-જામફળની જમાવટ

સિઝનલ ફળ પ્રમાણસર ખાવાથી સ્વાસ્થ્ય સુધરે છે ઉપરાંત શિયાળાની ઠંડી સામે રક્ષણ મળી રહે છે

ગાંધીનગર, તા.૫

શિયાળાની ઋતુમાં ખાસ રાહ જોવડાવતું ફળ એટલે બોર. શહેરના નાના-મોટા સૌને બોર પ્રિય છે. ચણીબોર અને અજમેરી બોર સાથે જો જામફળ પણ મળી જાય તો આરોગવાની મજા જ કંઈક ઓર છે. ખાસ શહેરીજનો ઉત્તરાયણમાં ખાસ મીઠા ચણીબોર અને અજમેરી તથા ખારેકી બોર સાથે જામફળ ખાતા હોય છે એટલે પતંગ ચડાવવાની પણ મજા આવે છે. શહેરના યુવાનો તેમાં પણ ખાસ યુવતી ચણીબોર ખાવા ટેવાયેલી હોય છે. શહેરની તમામ શાળાઓની બહાર દર વર્ષે ચણીબોર ભરપુર પ્રમાણમાં વેચાય છે પરંતુ આ વર્ષે શાળા કોલેજો બંધ રહેતા શહેરના માર્કેટમાં ચણીબોર ખાસ જોવા મળે છે. આ ઉપરાંત મોટા બોર એટલે કે અજમેરી બોર, ખારેકી બોર અને એપલ બોર ખાસ ઉત્તરાયણ પહેલાથી જ શહેરમાં વેચાતા હોય છે. એપલ બોરની ડિમાન્ડ શહેરમાં વધુ હોય છે.

બોર ખાવામાં જેટલું ખાટું અને મીઠું લાગે છે તેના ફાયદા પણ એટલા જ છે. ઠંડીમાં બોરનું સેવન કરવાથી આ મોસમમાં થતી આરોગ્યની તમામ સમસ્યાઓમાંથી રાહત મેળવી શકાય છે. બોર ખાવાથી શરીરનો થાક દૂર થાય છે અને એનર્જી મળે છે. બોરના જયુસ પીવાથી તાવ અને ફેફસા સંબંધિત રોગ દૂર થાય છે.

બોરને છાલ સાથે ખાવાથી કબજીયાત અને પેટ સંબંધિત પરેશાની દૂર થાય છે. નિયમિત બોર ખાવાથી અસ્થમાના રોગીઓને આરામ મળે છે. બોર હૃદય માટે ફાયદાકારક છે. બોર ખાવાથી તરસ લાગવાની ફરિયાદ રહેતી નથી. બોર ઈમ્યુનિટી પાવરમાં વધારો કરે છે. શિયાળાની સિઝનમાં બોરનું સેવન કરી લેવાથી રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે અને

માંદગી આવતી નથી. બોરમાં કેલ્શિયમ અને ફોસ્ફરસ હોવાથી હાડકાને પણ સ્વસ્થ રાખે છે અને વજન પણ નિયંત્રણમાં રહે છે.

બોરમાં વિટામીન એ ૫ ટકા, રીબોફલેવીન ૩ ટકા, નાયેસીન ૬ ટકા, વિટામીન સી ૮૩ ટકા, થાપામીન ૨ ટકા, વિટામીન બી૬ છ ટકા રહેલું છે. સોડિયમ સિવાય તમામ પ્રકારના મિનરલ્સ બોરમાં રહેલા છે. પર્શિયન દવામાં બોરનો ઉપયોગ શરદી, ફલુ અને ખાંસીના ઈલાજ માટે થાય છે.

શહેરમાં હાલ શિયાળાની મોસમમાં લાલ અને સફેદ જામફળ પણ સૌથી વધુ વેચાય છે. બોર અને જામફળ બંને શિયાળાના સિઝનલ ફ્રુટ છે જે ખાવાના અનેક ફાયદા છે. જામફળના પ્રમાણસર માત્રાનું સેવન શરીરને લાભદાયી છે. જામફળ પચવામાં સહેજ ભારે છે પરંતુ પ્રમાણસર આરોગવામાં વાંધો આવતો નથી તેવું શહેરના ડોકટરોનું કહેવું છે.

જામફળમાં ભરપુર માત્રામાં મિનરલ્સ અને વિટામીન રહેલું છે જે શરીરને સ્વસ્થ રાખવામાં મદદરૂપ છે. જામફળમાં રહેલું ડિ-૯ શરીરની કોશિકા અને ડીએનએ સુધારવાનું કામ કરે છે. હૃદય માટે જામફળનું સેવન લાભદાયી છે. જામફળમાં રહેલું વિટામીન એ અને ઈ આંખ, વાળ અને ત્વચાને પોષણ આપે છે. બીટાકેરોટીન સહિતનું જામફળ ત્વચાને લગતી બિમારીઓમાં ઉપયોગી છે. જામફળ કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરે છે. થાઈરોડમાં પણ ઉપયોગી છે. સૌરાષ્ટ્રમાં જામફળ-મરચાનું શાક બનાવવાની અલગ જ રેસીપી છે. ઉપરાંત જામફળના અથાણા પણ બનાવી આરોગી શકાય છે. આમ, સિઝનમાં જામફળ પ્રમાણસર ખાવાથી તેના અનેક ફાયદાનો લાભ લઈ શકાય છે. શિયાળાની સાથે હવે ઉત્તરાયણ આવનાર છે ત્યારે શહેરના માર્કેટમાં જામફળ અને બોર જોવા મળી રહ્યા છે અને શહેરીજનો પણ આ ફળોની ભરપૂર ખરીદી કરી રહ્યા છે.

આજે ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન રોમાન્ટિક અંદાજમાં દેખાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વરિષ્ઠ અદાકાર જેઓ અનેક ગુજરાતી ફિલ્મો અને નાટકોમાં પોતાના અભિનયથી પદાર્પણ કરી ચુકયા છે તેવા હસમુખ મેકવાન હવે કલર્સ ગુજરાતી પર 'પ્રેમની ભવાઈ' ધારાવાહિકમાં રોમેન્ટિક ભૂમિકામાં જોવા મળશે. અત્યાર સુધી ચરિત્ર અભિનેતાના કિરદારમાં જોવા મળેલા હસમુખ મેકવાનને હવે આ ધારાવાહિકમાં નવા અંદાજમાં જોવાનો લ્હાવો મળશે.

'પ્રેમની ભવાઈ' ધારાવાહિકના કથાનકના નાયક રૂદ્ર અને નાયિકા ધારા અનુક્રમે કલાકારો કાર્તિક રાષ્ટ્રપાલ અને મમતા ભાવસાર જયારે સિરિયલની સ્ટોરી મુજબ લગ્ન બાદ હનીમુન પર જાય છે ત્યાં બોટીંગ દરમિયાન તેમની મુલાકાત એક પ્રૌઢ યુગલ સાથે થાય છે જેમના નામ કિશનકાકા અને રાધિકાકાકી હોય છે. જેના પાત્રમાં અનુક્રમે હસમુખ મેકવાન અને પુષ્પાવેલકર જોવા મળશે. આ પ્રૌઢ યુગલ તેમના રોમેન્ટિક અંદાજથી પ્રેમની અભિવ્યકિત કરતા નવપરિણિત યુવા યુગલ રૂદ્ર અને ધારાને જીવનમાં પ્રેમનું મહત્વ સમજાવતો સંદેશ આપશે. આ એપિસોડ તા. ૬ ટ્ટી જાન્યુઆરીએ બુધવારે સવારે ૯ કલાકે પ્રસારિત થશે જેનું પુનઃ પ્રસારણ સાંજે ૬ કલાકે થશે.

રીક્ષામાં બેસાડી નજર ચુકવી કિંમતી સામાનની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

એલસીબી-૨ પોલીસે તેરસાપરા ચોકડી પાસેથી રીક્ષા સાથે ગેંગને દબોચી લીધી

પકડાયેલા આરોપીઓ

- મહમદઆસીફ મહમદઆરીફ અંસારી, ઉં.૩૫ રહે.મોટાતળાવ કસ્બામાં, જાસલપુર રોડ, કડી, મુળ રહે.જીતપુર ગામ તા.નગીના જી.બિજનોર ઉતરપ્રદેશ
- તારીક મહમદઆરીફ અંસારી, ઉં.૨૯ રહે.ઉપર મુજબ
- આસમહમદ ઉર્ફે બોખો ખિલુભાઈ મણીયાર ઉં.૪૫, રહે. તુફેલ પાર્ક સોસાયટી, દયારામ ફેકટરીની સામે, એકતાનગરની બાજુમાં વટવા અમદાવાદ, મુળ રહે.અકબરપુર ફિરોજાબાદ, થાના રામગઢ જી. ફિરોજાબાદ ઉતરપ્રદેશ
- અજય ઉર્ફે અજયો નામેદભાઈ ગુલધેકર ઉં.૪૦ રહે. મ.નં.બી-૧૭૩ વિભાગ-૭ પાશ્વનાથ ટાઉનશીપ નવા નરોડા, મુળ રહે. ભીલાપુર, મંગરુડ તાજી અમરાવતી મહારાષ્ટ્ર
- મોહમદરાકીબ મોહબદ આરીબ બસીર અહેમદ અંસારી ઉં.૩૧. રેહ. મોટા તળાવ કસ્બામાં, જાસલપુર રોડ કડી, મુળ રહે. જીતપુરગામ, તા. નગીના, જી.બિજનોર ઉતરપ્રદેશ

ગાંધીનગર, તા.૫

રીક્ષામાં મુસાફરોને બેસાડી તેમની નજર ચુકવી કિંમતી સર સામાનની ચોરી કરતી ગેંગને રીક્ષા સાથે તેરસાપરા ચોકડી પાસેથી ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત મુજબ કલોલ શહેર પોલીસ મથકે તા.૨૩-૧૨.૨૦૨૦ના રોજ નોંધાયેલ ગુના મુજબ અંબિકા બસ સ્ટેન્ડ નજીક એક મહિલાને બેસાડી તેની નજર ચુકવી મહિલા પાસે રહેલી થેલીમાંથી રોકડા રૂ.૫૦ હજાર કાઢી લીધા હતા. જેને પગલે એલસીબી પીઆઈ-૨ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા, અને પી.ડી.વાઘેલા સહિતની ટીમ ટેકનીકલ અને ગ્રાઉન્ડ સર્વેલન્સની કામગીરીમાં લાગી ગઈ હતી. કલોલ શહેર વિસ્તારમાં એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમા હતી તે સમયે પોલીસ કોન્સ્ટેબલ નરેશભાઈ અને સુરેન્દ્રસિંહને ઉપરોકત ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સીએનજી રીક્ષા નં.જી.જે.૦૧. ટી.બી.-૧૮૬૮ હાલ તેરસાપરા ચોકડી ખાતે ઉભી હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા રીક્ષા સહિત કુલ ૫ ઈસમો મળી આવ્યા હતા. પોલીસે તમામની પુછપરછ કરતા એક શખ્સ ભાંગી પડ્યો હતો. પોતે તેમજ હાલમાં હાજર બીજા ચાર શખ્સોએ ભેગા મળી થોડા દિવસ પહેલા કલોલ અંબિકા બસ સ્ટેન્ડ પાસેથી મહિલાને રીક્ષામાં બેસાડી નજર ચુકવી મહિલા પાસે રહેલી થેલીમાંથી રોકડા રૂ.૫૦ હજાર કાઢી લીધા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તમામ આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી કલોલ શહેર પોલીસ મથકે મોકલી આપ્યા છે.

ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાનનો પદવીદાન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૫

આજ રોજ તારીખ -૫ જાન્યુઆરી ૨૧ ના દિવસે ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન દ્વારા માસ્ટર ઓફ પબ્લીક હેલ્થ, માસ્ટર ઓફ હેલ્થ એડમીનીસ્ટ્રેશન અને પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન પબ્લીક હેલ્થ મેનેજમેંટના વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૧નો પદવીદાન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભ કોવીડ-૧૯ ના કારણે ઓનલાઈન સોશિયલ મીડીયા મારફતે પ્રકાશન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે વર્તમાન સાંસદ અને ભારતીય જનતા પાર્ટી – ગુજરાત ના પ્રમુખ સી.આર. પાટીલ, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન ગાંધીનગરના પ્રમુખ અને અધ્યક્ષ, વર્તમાન સાંસદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડના પ્રમુખ પરિમલ નથવાણી, પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયાના પ્રમુખ ડો. શ્રીનાથ રેડ્ડી, આરોગ્ય વિભાગ ગુજરાતના અગ્ર સચિવશ્રી – ડો. જયેંતી રવિ અને અન્ય મહાનુભાવો, તજજ્ઞો, તબીબો અને વિદ્યાર્થીઓ સાથે આ.ઈ.આ.ઈ.પી.એચ ગાંધીનગરના પેટ્રોન ડો. નિતિન સુમંત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પદવીદાન સમારંભમાં ૯૬ જેટલા વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન પબ્લીક હેલ્થ મેનેજમેંટ, માસ્ટર ઈન પબ્લીક હેલ્થ અને માસ્ટર ઈન હોસ્પિટલ એડમિનિસટ્રેસનની પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

સ્વર્ણીમ પાર્કમાંથી ૧૮ એલઆરડી ઉમેદવારોની અટકાયત

ગાંધીનગર, તા.૫

મહિલા ઉમેદવારોની ભરતીની જેમ પુરુષ ઉમેદવારોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ સાથે રાજયભરમાંથી ઉમેદવારો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઉમેદવારો ઘ-૪ ગાર્ડન ખાતે ધરણા પ્રદર્શન યોજી સુત્રોચ્ચાર કર્યા હતા. જેને પગલે પોલીસે ૧૩૫ ઉમેદવારો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ત્યારે મંગળવારના રોજ પણ

અચાનક ગાર્ડન ખાતે ઉમેદવારો આવી જતા પોલીસે ૧૮ ઉમેદવારોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ન્યાય મેળવવા માટે ઉમેદવારોએ મકકમતા દર્શાવી છે.

સીનીયર સીટીઝનને કોરોના વાઈરસની સારવાર અંગે થયેલ ખર્ચ આવક-વેરામાંથી મુકત ગણવા ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશનની રજૂઆત

ગાંધીનગર, તા.૫

કોરોના વાઈરસ (પેન્ડેમીક) મહારોગની સારવાર અંગે સીનીયર સીટીઝન અને સુપર સીનીયર સીટીઝને કરેલ ખર્ચ ભારત સરકારના આવક-વેરા નિયમો મુજબ આવક-વેરામાંથી બાદ મળવાપાત્ર નથી. આવકવેરાના હાલના નિયમો મુજબ સ્પેસીફાઈડ રોગની સારવાર અંગેનો ખર્ચ રૂા.પચાસ હજારથી રૂા. એક લાખ સુધીની મર્યાદામાં થયેલ ખર્ચ સીનીયર અને સુપર સીનીયર સીટીઝનને આવકવેરામાંથી છૂટને પાત્ર છે. કોરોના વાઈરસ ચાલુ નાણાકીય વર્ષમાં દેશમાં પ્રસર્યો છે તેથી તેનો સમાવેશ આવક-વેરાના નિયમો હેઠળના સ્પેસીફાઈડ રોગોની યાદીમાં થયેલ ન હોવાથી સીનીયર સીટીઝન અને સુપર સીનીયર સીટીઝનને પેન્ડેમીક (કોરોના વાઈરસ)ની સારવાર અંગે ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ ખર્ચ સન ૨૦૨૧-૨૨ ના એસેસમેન્ટ માટે સન ૨૦૨૦-૨૧ ની આવકમાંથી બાદ મળવાપાત્ર ગણાશે નહીં. સીનીયર સીટીઝન્સ આ મહારોગનો ભોગ બનનારની પ્રથમ કક્ષામાં આવે છે અને ભોગ બનનારને સારવાર અંગે ચાલુ નાણાકીય વર્ષમાં ખર્ચ કરવો પડે છે.

આ બાબત ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશન ગુજરાત, ગાંધીનગરે માન. કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામન સાથે હાથ ધરી, કોરોના વાઈરસ (પેન્ડેમીક)ને આવક-વેરા નિયમો હેઠળના સ્પેસીફાઈડ રોગોમાં દાખલ કરી, ચાલુ નાણાકીય વર્ષમાં થયેલ ખર્ચ એસેસમેન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ ના આવકવેરામાંથી મુકિતને પાત્ર ગણવા જરૂરી હુકમ બહાર પાડવા વિનંતી કરેલ છે. અન્ય સંસ્થાઓ / વ્યકિતઓ પણ નાણામંત્રીશ્રીને રજુઆત કરે તો અમારી રજૂઆતને ટેકો મળશે એમ સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારે જણાવ્યું હતું.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પાર્વતીબેન રામસ્વામી રાજપુત, ઉ.વ. ૬૫, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. જીતેન્દ્રકુમાર રમણલાલ વાણીયા, ઉ.વ. ૫૦, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. દવે હરીભાઈ આત્મારામ, ઉ.વ. ૮૩, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કાળીબેન મોહનભાઈ વાઘેલા, ઉ.વ. ૭૨, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. ડાભી સીતાબેન ધીરૂભાઈ, ઉ.વ. ૭૧, મેઘાણીનગર, અમદાવાદ.
- સ્વ. પ્રભુલાલ મોરૂલાલ પુજારી, ઉ.વ. ૭૯, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ મોહનભાઈ કચરાભાઈ, ઉ.વ. ૮૦, જોરણંગ, તા. ગાંધીનગર
- સ્વ. અંબાલાલ બબલદાસ પંચાલ, ઉ.વ. ૭૫, સેકટર-૧, ગાંધીનગર
- સ્વ. રામદાસ આળાસોદળ બોબડે, ઉ.વ. ૭૪, કોબા, ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત બાબુલાલ પટેલ, ઉ.વ. ૬૧, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. મકવાણા રૂક્ષ્મણીબેન પુરૂષોત્તમભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શારદાબેન ચીમનલાલ પટેલ, ઉ.વ. ૬૮, સરગાસણ, ગાંધીનગર

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કોરોનાની રસીની વિસ્તૃત જાણકારી આપતો વેબીનાર યોજાયો



ગાંધીનગર, તા.૫

આજકાલ કોરોનાની રસી ખૂબ ચર્ચામાં છે. એવા સમયે મેમ્બર્સ તેમજ ઉપસ્થિત સહુને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્યથી લાયન્સ ક્લબ ફેમીના દ્વારા વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયન્સ ક્લબ ગાંધીનગર અને લાયન્સ ક્લબ અમદાવાદ હેરીટેજ દ્વારા આયોજીત આ વેબીનારનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. અમદાવાદના ફિઝીશયન ડૉ. મહાદેવભાઈ દેસાઈ દ્વારા પ્રેઝેન્ટેશન દ્વારા વિસ્તૃત પણે સમજ આપવામાં આવી હતી, જેમાં રસીની બનાવટ, તાપમાન, બનાવનાર કંપનીઝ, તેની આડઅસર, ફાયદા જેવા અનેક મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. સરળ ગુજરાતી ભાષા અને સમજાવવાની રીત માટે સહુ એ સંતોષ વ્યકત કર્યો હતો, અને આભારની લાગણી પ્રદર્શિત કરી હતી. લાયન્સ ફેમીનાના મેમ્બર્સ જલધારા પટેલે કોરોના વાયરસ વિશે સુંદર સમજ આપી હતી, ત્યારબાદ પ્રશ્નોની ચર્ચામાં સક્રિય રહી ચર્ચાને જીવંત બનાવી હતી. ત્રણેય ક્લબના પ્રમુખ મમતા રાવલ, ઉમંગ પંડ્યા, હેમંત અડાલજા દ્વારા બંન્ને ડોકટર્સનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સેક્રેટરી દક્ષા જાદવ દ્વારા વેબીનારમાં ઉપસ્થિત સહુનો આભાર માનવામાં આવ્યો હતો.

ગુજરાત બાર કાઉન્સિલ ૩૧ વકીલના પરિવારોને ૯૦ લાખની મૃત્યુ સહાય ચુકવશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત બાર કાઉન્સિલની એડમિનિસ્ટ્રેટિવ કમિટીની બેઠકમાં ૪૬ જેટલા વકીલોના વારસદારોને મૃત્યુ સહાય અંગેની અરજીઓ સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાંથી ૩૧ વકીલોના વારસદારની અરજી નિયત ફોર્મમાં હોવાનું સ્પષ્ટ થયું હતું. આ ઉપરાંત તેમણે રિન્યુઅલ ફી નિયમિત ભરી હતી. જેના અંતે આ બેઠક દરમિયાન આ વારસદારોને રૂ. ૯૦ લાખની સહાય ચુકવવાનો નિર્ણય કરાયો છે તેમ ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન કિરીટ બારોટ, વાઈસ ચેરમેન શંકરસિંહ એસ. ગોહિલ, એકઝીકયુટીવ કમિટીના ચેરમેન ભરત ભગત, શિસ્ત કમિટીના ચેરમેન અનિલ કેલ્લા તેમજ સભ્ય દિપેન દવેએ જણાવ્યું છે. તેમણે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ દ્વારા એક જ વર્ષમાં વકીલોના વારસદારોને ૮.૬૫ કરોડની મૃત્યુ અને માંદગી સહાય ચુકવવામાં આવી છે જયારે આવા કિસ્સામાં બે ફિકસ ડિપોઝીટ તોડીને મૃતકના વારસદારોને સહાય ચુકવવામાં આવી છે.

અમીયાપુર ગામમાંથી જુગાર રમતા ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા અમીયાપુર ગામ પાસે આવેલા ઔડાના મકાનોની પાછળના ભાગે જુગાર રમતા પાંચ શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલની સાથે રહેલા ટીમના સભ્યો અનોપસિંહ અને હેડકોન્ટેબલ વિજયસિંહને બાતમી મળી હતી કે અમીયાપુર ગામમાં ઔડાના મકાનોની પાછળ આવેલ ખરાબાની જમીનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને અમીયાપુર ગામના મુકેશજી રામાજી ઠાકોર, શીલજ ગામના રાઠોડ વાસ ખાતે રહેતા કમલેશજી બળદેવજી ઠાકોર,અમીયાપુર ગામના કાળાજી બચુજી ઠાકોર અને રામાપીર વાળો વાસ પાસે રહેતા કમલેશજી શકરાજી ઠાકોર, મેહુલ દિનેશજી ઠાકોરને પકડી પાડયો હતો. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ અને અંગજડતી દરમિયાન ૧૬,૧૫૦ તેમજ ૩ મોબાઈલ મળી ૧૬,૫૦૦ ના મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.